# ગુજરાતને શિક્ષણ માટેની ઉદાસિનતા પાલવે જ નહીં : મુખ્યમંત્રી

## હવે, ૨૮-૨૯-૩૦ જુન દરમિયાન શહેરી વિસ્તારમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દશમા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના ત્રણ દિવસના વિરાટ જનઅભિયાનના સમાપન દિવસે એવી આહ્‌લેક જગાવી હતી કે ગુજરાતના બાળકના ભવિષ્ય માટે સમાજ જવાબદારી ઉપાડે. શિક્ષણ પ્રત્યે ઉદાસિનતા ગુજરાતને પાલવે તેમ નથી.

ચૂંટણીના આ વર્ષમાં મત માટેની ચિંતા કરવાને બદલે ભુલકાંઓના જીવનનું ભાવિ ઘડવા આ સરકારે ભેખ લીધો છે એવી દેશમાં આ પહેલી સરકાર છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

સમગ્ર ગુજરાતના ૧૮૦૦૦ ગામોની ૩૨૭૭૨ સરકારી પ્રાથમિક શાળાઓમાં સો ટકા નામાંકન સાથે શિક્ષણને ગુણવત્તાસભર બનાવવામાં સમાજની સંવેદના ઉજાગર કરવા સતત દશમાં વર્ષે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ અભિયાન સંપન્ન થયું હતું.

આજે દક્ષિણ ગુજરાતના સાગરકાંઠે નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના આટ અને તવડી ગામોમાં શાળા પ્રવેશોત્સવના અભૂતપૂર્વ ઉત્સાહમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી સહભાગી બન્યા હતા તેમણે પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં ભૂલકાંઓનું નામાંકન કરાવ્યું હતું. ફળ-મીઠાઈ, શૈક્ષણિક સાધનો, સ્વચ્છતા સાધનો કિટ્‌સ, રમકડાનું બાળકોને વિતરણ કર્યુ હતું. ગરીબ કન્યાઓને સરકાર તરફથી સાઈકલ ભેટ આપી હતી.



ઘરનો ઉંબરો છોડી બાળક પ્રાથમિક શાળાનો ઉંબરો ચડે એ તેની જીંદગીનો પ્રથમ ટર્નિંગ પોઈન્ટ છે. એની ભાવનાત્મક ભુમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. શિક્ષક પરિવારને પોતાનું વ્હાલસોયું સંતાન જીવન સંસ્કારના ઘડતર માટે સોંપતા હોય ત્યારે, શિક્ષક અને સમાજની જવાબદારી કેટલી મોટી છે. તેની અનુભુતિ તેમણે કરાવી હતી.

પાયાના શિક્ષણની વર્ષો જૂની ચીલાચાલુ ઉપેક્ષિત સ્થિતિમાં આમૂલચૂલ પરિવર્તન લાવીને સરકારી પ્રાથમિક શાળાનું સુવિધા અને શિક્ષણનું સ્તર સુધારવા દશ વર્ષની જે તપસ્યા કરી તેનો ઉલ્લેખ કરી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, સમાજને પ્રાથમિક શિક્ષણનું મમત્વ જાગે એ માટેનું આ અભિયાન માત્ર ત્રણ દિવસમાં પુરૂં નથી થતું. આગામી આખો દશક, સમાજ પ્રાથમિક શિક્ષણ ઉપર ધ્યાન કેન્દ્રિત કરે એવો આ સાર્થક પ્રયાસ છે.

વાઈબ્રન્ટ ગુજરાતના દર બે વર્ષે બે દિવસ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટની સફળતા તો દેશ અને દુનિયાએ સમજી છે, પરંતુ દર વર્ષે સતત દશ વર્ષ સુધી ત્રણ-ત્રણ દિવસના કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવના આ વિરાટ સેવાયજ્ઞ તરફ દુનિયાનું ધ્યાન નથી જતું. એક સંનિષ્ઠ અખંડ પ્રાથમિક શિક્ષણ સુધારણાનો આ પરિશ્રમ યજ્ઞ આ સરકારે ગુજરાતની આવતીકાલને સુશિક્ષિત અને તંદુરસ્ત બનાવવા આદર્યો છે એમ તેમણે નિર્ધારપૂર્વક જણાવ્યું હતું.

આઝાદીના ૫૦ વર્ષ સુધી પ્રાથમિક શિક્ષણની ઘોર ઉદાસિનતા ભૂતકાળના શાસકોએ સેવી, એના કારણે આ સરકારે આ દુર્દશા નિવારવા પોણા બે લાખ શિક્ષકો ભર્યા અને ૬૦,૦૦૦ શાળાના ઓરડા દશ વર્ષમાં બનાવ્યા-હવે એના ઉપર ગુજરાતની ભવ્ય ઈમારતનું નિર્માણ કરવું છે.

## સમાચાર ઝલક

- પ્રાથમિક શિક્ષણ માટે વિદ્યાર્થી દીઠ રૂા. ૨૧૦૦૦/- ખર્ચે છે સરકાર.
- આંધ્રપ્રદેશ કોંગ્રેસમાં સોંપો : જગનનો સપાટો.
- ગુજરાતમાં કપાસ ઉત્પાદનમાં ૨૫ ટકાનો ઘટાડો થઇ શકે છે, ભાવવધારો ન મળવાના કારણો જવાબદાર.
- રાધનપુરમાં પ્રેમ પ્રકરણનો કરૂણ અંજામ : પ્રેમીઓની મોતની છલાંગ.
- ચાલુ વર્ષે ઇજનેરી પ્રવેશનું મેરીટ લીસ્ટ નીચું રહેશે.
- સ્વામી નારાયણ સંપ્રદાયના વડા પ્રમુખ સ્વામીને પેસમેકર મુકાયું, તબિયત ચિંતા મુક્ત, શાહીબાગ મંદિર લઇ જવાયા.
- કોંગ્રેસ 'વિઝન ફોર ૨૦૧૨' જાહેર કરશે, મીની ચૂંટણી ઢંઢેરા સમાન હશે.
- ખાનગી પાર્ટીમાં હાજરી આપવા સલમાન ૧.૭૫ કરોડ રોકડા માંગે છે, ખાસ વિમાની સેવા અલગ.
- દ્વારિકા-સોમનાથ પ્રવાસન ક્ષેત્રોના વિકાસને વેગ : ૧૨૦૦ કરોડ મંજૂર.
- ચૂંટણી પંચનો નિર્ણય, મતદાર યાદી સુધારણા કાર્યક્રમ ૨૭મી સુધી લંબાવાયો.
- કચ્છની દરિયાઇ સરહદે બી.એસ.એફ.ના જવાનોના પાણી માટે વલખાં.
- ચોમાસાના શ્રી ગણેશ થતાં જ છત્રી પણ મોંઘી બની, ૧૫ ટકા ભાવ વધ્યા.
- ગુજરાતના શહેરોમાં ખાનગી બસ સેવા શરૂ થશે.
- રાજકોટમાં નાગર બોર્ડિંગમાં નરસિંહ મહેતાની પ્રતિમાનું અનાવરણ.
- ગુજરાત સરકારનો નિર્ણય - વિધવા મહિલાઓને સરકારી સહાયમાં વધારો.
- મોંઘવારી હજુ ફૂંફાડા મારશે, સરકારે ડાંગર-કઠોળ-તેલીબીયાંમાં કરેલો ભાવવધારો, ઘરનું બજેટ છિન્નભિન્ન થવાના એંધાણ.
- અંબાજીમાં બ્રાહ્મણ ભાઇ-બહેનના વીજ શોકથી કરૂણ મોત.
- રાજકોટમાં કારનો કાચ તોડી રૂા. ૫.૫૦ લાખને રિવોલ્વરની ઉઠાંતરી.



શિક્ષણ સમાજની જવાબદારી અને ભાગીદારી બને. શાળા માટે લોકજાગૃતિ અને લોકફાળો પ્રાપ્ત કરવાના આશયથી ઉજવા કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવના અંતિમ દિને મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ધોળકા તાલુકાની શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશોત્સવ કરાવ્યો હતો. ધોળકા તાલુકાના જલાલપુર ગામે જલાલપુર વજીફા પ્રાથમિક શાળમાં ધો-૧માં ૬૭ બાળકોના શાળા પ્રવેશોત્સવના અધ્યક્ષપદેથી મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બાળકોનાં શિક્ષણ, સંસ્કાર અને કૌશલ્ય ઘડતરમાં પ્રાથમિક શિક્ષણ મહત્વપૂર્ણ છે. બાળકોના જીવનનો પાયો મજબૂત અને સક્ષમ બનાવવા ૧થી ૭ ધોરણમાં થયેલું તેમનું ઘડતર મહત્વનો ભાગ ભજવે છે.

## ગોપાલક સમાજના રબારી - ભરવાડ જાતિના લાભાર્થી જોગ : સ્વરોજગારી માટેની યોજના

ગાંધીનગર, તા. ૧૬

ગોપાલક સમાજના રબારી-ભરવાડ જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા વિકાસ નિગમના ઉપક્રમે સ્વરોજગારી માટેની યોજનઓ અમલમાં છે.

તદ્‌નુસાર, ડેરી યુનિટ, નવા ઉદ્યોગ-ધંધા અને પરિવહનના વ્યવસાય માટે મુદતી લોન, સ્વસહાય જૂથ મારફતે માઈક્રોફાઈનાન્સ યોજના, બીપીએલ મહિલાઓ માટે ડેરી યુનિટ અને નવા ઉદ્યોગ-ધંધા તથા ઉચ્ચ અભ્યાસક્રમો માટે નવી આકાંક્ષા નામની ઉચ્ચ શૈક્ષણિક લોન યોજના અને વ્યવસાયિક માન્ય પદવી પ્રાપ્ત વ્યવસાયિકો માટે સ્વયં સક્ષમ યોજના અમલમાં છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૪૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં ૫૦,૦૦૦ની વાર્ષિક આવકવાળા ૨૧ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા (સ્વયં સક્ષમ યોજના માટે ૧૮ થી ૫૫ વર્ષની વય) લાભ લેવા ઈચ્છુક અરજદારોએ સંબંધિત જિલ્લાના સમાજકલ્યાણ અધિકારી (વિ.જા.)નો સંપર્ક કરીને અરજીપત્રકો તા. ૧૬-૮-૨૦૧૨ સુધીમાં પરત આપી દેવા અરજીપત્રકો વેબસાઈટ **www.sje.gujarat.gov.in** ઉપરથી પણ મળી શકશે, તેમ ગુજરાત ગોપાલક વિકાસ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

# કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ સંસ્કારયુક્ત શિક્ષણ એ જ સૌનો નિર્ધાર : રમણલાલ વોરા

ગાંધીનગર, તા. ૧૬

કન્યા કેળવણી શાળા પ્રવેશ મહોત્સવે સંસ્કારયુકત શિક્ષણ એ જ સૌનો નિર્ધાર છે એમ શિક્ષણ મંત્રી શ્રી રમણલાલ વોરાએ નાઝ પ્રાથમિક શાળા પ્રવેશોત્સવ પ્રસંગે જણાવ્યું હતું.

દસક્રોઇ તાલુકાના નાઝ ગામે નાઝ પ્રાથમિક શાળામાં ધો-૧માં કુલ ૩૨ બાળકોના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકાર જનભાગીદારી દ્વારા શાળા પ્રવેશોત્સવનો દશાબ્દી મહોત્સવ મનાવી રહ્યા છીએ. રાજ્યની ૩૩ હજાર શાળાઓમાં આજે ગ્રામીણ શાળા પ્રવેશોત્સવ પૂર્ણ થશે. સૌના અથાગ પરિશ્રમથી ગ્રામીણ અને શહેરી વિસ્તારોની શાળામાં ૧૦૦ ટકા નામાંકન અને નિયમિતતાનો યશ રાજ્ય સરકારના મુખ્યમંત્રીશ્રીને ફાળે જાય છે. જેમાં રાજ્ય સરકારના તમામ કર્મચારીઓ અને જનભાગીદારીના દાતાશ્રીઓનો અમૂલ્ય ફાળો છે.



મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે બાળકોને દફતર વિતરણ કરતા આંગણવાડીના બાળકોને રમકડા વિતરણ તેમજ શિક્ષણ માટે ખાસ બજેટ ફાળવ્યું છે. વર્ષ ૨૦૧૨થી વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ રૂા.૨૦૦૦ અને ધોરણ-૮માં પ્રવેશ કરનાર વિદ્યાર્થીઓને રૂા.૩૦૦૦ના બોન્ડ આપવામાં આવશે. રાજ્ય સરકાર ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ગણવેશ, પાઠ્યપુસ્તકો અને મળવાપાત્ર લાભાર્થીને વિવિધ યોજનાના લાભ આપી શિક્ષણમાં ક્રાંતિ લાવી છે.

## શબ્દાવલી - ૪૭૬૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | ૯ | ■ | |
| ■ | ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | |
| ૧૩ | | | | ■ | ૧૪ | | |
| | ■ | ૧૫ | | ■ | ૧૬ | | ■ |
| ૧૭ | ૧૮ | ■ | ■ | ૧૯ | ■ | ■ | ૨૦ |
| ૨૧ | | ૨૨ | ■ | ૨૩ | | ૨૪ | |
| | ■ | ૨૫ | | | ■ | ૨૬ | |

### આડી ચાવી

૧. વાદળાની જમાવટ, ઘોરંભો (૫)
૫. ગતિ, રફતાર (૨)
૭. ઓરડો, કક્ષ (૨)
૮. રોડ બનાવવા વપરાય તે કાળો પદાર્થ (૩)
૧૦. ખીણ, કોતર (૨)
૧૧. પહેરવેશનો લાક્ષણિક પ્રકાર (૩)
૧૩. આશા, શોખ (૪)
૧૪. દાટવું તે, ... કરવું (૩)
૧૫. સોમ, મંગળ, બુધ વગેરે... ના નામ છે (૨)
૧૬. ચક્કર, ... ચડવા (૨)
૧૭. નાડી, નસ (૨)
૨૧. ડોલી (૩)
૨૩. સૈનિક, લડવાવાળો (૫)
૨૫. પક્ષપાત (૩)
૨૬. 'ગયા' શબ્દ ઊંધો થઈ ગયો છે (૨)

### ઊભી ચાવી

૧. ... પર્વત, પહાડ (૨)
૨. ઉકળાટ (૨)
૩. બડાશ હાંકનાર (૫)
૪. દારૂની એક જાત (૨)
૬. ગણેશ, ગણપતિ (૪)
૯. ખેદાનમેદાન, વેરણછેરણ (૪)
૧૦. કેવટ, નાવિક (૩)
૧૨. સહેલગાહ, યાત્રા (૩)
૧૩. ગળો, એક પ્રકારનો વેલો (૫)
૧૮. ગરોળીની અઘાર (૨)
૧૯. લીલી તુવેરના દાણા (૩)
૨૦. અખતરો (૩)
૨૨. એપ્રિલફૂલ ડબ્બા... (૨)
૨૪. એક પ્રકારના પક્ષી (૨)

### શબ્દાવલી ૪૭૫૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) જાહોજલાલી (૪) ભામ (૬) ખપત (૭) સરોજ (૯) લાત (૧૦) માડી (૧૧) સોડમ (૧૨) વધાઈ (૧૪) રોપા (૧૫) ખાણી (૧૬) પાયરી (૧૮) કેવલ (૧૯) બાધ (૨૦) સુપડી (૨૧) સુમન

**ઊભી ચાવી :-** (૧) જાસૂસ (૨) લાખ (૩) લીપણ (૫) મહત્તમ (૮) જમાઈ (૯) લાડ (૧૧) સોપારી (૧૨) વખાણી (૧૩) ધાણી (૧૪) રોયલ (૧૬) પાવડી (૧૭) સાધન (૧૮) કેપ (૧૯) બામ

## સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણમાં ભાગ લેવા અંગે અનુસૂચિત જનજાતિના યુવક-યુવતી જોગ

૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદાવાળા ફકત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થી, બિનવિદ્યાર્થી યુવક-યુવતિઓને સાગરકાંઠા વિસ્તારના સાહસિક પ્રવાસમાં ભાગ લેવાની તક આપી પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારના કમિશનર, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે સરકારના ખર્ચે સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ સંભવતઃ ઓગસ્ટ-૨૦૧૨માં યોજાનાર છે. આ કાર્યક્રમમાં ૧૦૦ યુવક-યુવતિઓને ભાગ લેવા માટે પસંદ કરવામાં આવશે.

માત્ર અનુસૂચિત જનજાતિના યુવક-યુવતિઓ કે જેઓ તા. ૩૧-૦૭-૨૦૧૨ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ તા. ૧૫-૦૭-૨૦૧૨ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારી, જિલ્લા સેવા સદન-૧, પાંચમા માળે, વલસાડ-૩૯૬૦૦૧ની કચેરીને અરજી મોકલી આપવાની રહેશે. અરજદારોએ આ માટે કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નં. ૧૧, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો સંપર્ક કરવો.

## જીસેટ પરીક્ષા : કુલ ૪૫૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા એમબીએ અને એમસીએ માટે લેવાઈ રહેલી જીસેટની પરીક્ષામાં પ્રથમ બે દિવસ પરેશાની બાદ આજે છેલ્લા દિવસે પરીક્ષામાં કોઇ અવ્યવસ્થા સર્જાઇ ન હતી. અવ્યવસ્થાને કારણે રદ કરાયેલી ત્રણ સેન્ટરની આવતીકાલે રવિવારે લેવાનાર પરીક્ષામાં છ બેંચના ૪૫૦ વિદ્યાર્થીઓ બેસશે. જીટીયુ દ્વારા જીસેટની પરીક્ષાની જવાબદારી નેશનલ સ્ટોક એક્ષચેન્જ (એનએસઈ)ને સોંપાઈ છે. તા. ૧૪ જૂનથી શરુ થયેલી જીસેટની પરીક્ષામાં સર્જાયેલી અવ્યવસ્થાને કારણે ૨૩ પરીક્ષા કેન્દ્રો પૈકી ત્રણ કેન્દ્રો અમદાવાદ, રાજકોટ વિદ્યાનગરના મળી કુલ છ બેંચના ૪૫૦ વિદ્યાર્થીઓની પરીક્ષા આવતીકાલ રવિવારના રોજ યોજાશે.

# ઉકળાટ બાદ આખરે અમદાવાદ શહેરમાં વરસાદ : લોકોને રાહત

અમદાવાદ, તા. ૧૬

છેલ્લા કેટલાક દિવસોથી ભારે ઉકળાટ પછી આજે બપોરે અમદાવાદના મોટા ભાગના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા જેથી લોકોને ગરમીથી મોટી રાહત મળી હતી. કેટલાક લોકોએ તો પ્રથમ વરસાદમાં પલડવાની મજા પણ માણી હતી. ઉત્તર ઝોનમાં સૌથી વધુ વરસાદ થયો હતો. ઉત્તર ઝોનના સરદાર નગર, નોબલનગર, મેઘાણીનગર, અસારવા, નરોડા, સરસપુર, ઈન્ડિયા કોલોની, અને સૈજપુર જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા જેથી ટ્રાફિક જામની સ્થિત પણ સર્જાઈ હતી. માત્ર અમદાવાદમાં જ નહી બલ્કે રાજ્યના અન્ય કેટલાક વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે. મોનસુનની વિધિવત રીતે શરૂઆત થઈ નથી પરંતુ મોનસુનની શરૂઆત પહેલા વરસાદનો દોર શરૂ થયોના અહેવાલ મળ્યા છે. આજે વરસાદી વાતાવરણ રહ્યુ હતુ. વરસાદના ઝાપટા પડતાં નાગરીકો ખુશખુશાલ બની ગયા હતા. વરસાદ પડતાં ગરમીમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. દિવસ દરમિયાન આકાશ વાદળછાયુ રહ્યું હતું અને હવામાં ભેજનું પ્રમાણ વધારે જોવા મળ્યું હતું. રાજ્યમાં સૌથી વધારે ગરમી ઈડરમાં ૩૭.૪ ડીગ્રી નોંધાઈ હતી. મ્યુનિસિપલ કંટ્રોલરૂમના જણાવ્યા મુજબ શહેરમાં સરેરાશ ૧૪.૫૩ મીમી વરસાદ નોંધાયો છે. જ્યારે ઉત્તર ઝોનમાં ૬૧ મીમી એટલે કે બે ઈંચથી વધુ, પૂર્વ ઝોનમાં ૪.૬૭ મીમી, પશ્ચિમ ઝોનમાં ૭.૦૦ મીમી, નવા પશ્ચિમ ઝોનમાં ૧.૦૦ મીમી અને મધ્યઝોનમાં ૧૩.૫ મીમી વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે ગાજવીજ સાથે વરસાદનું એકાદ ઝાપટુ પડવાની શક્યતા છે. જ્યારે રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૬.૬ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૮ ડીગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગ્યે ૭૭ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૮૨ ટકા નોંધાયુ હતું. રાજ્યમાં આજે સવારે ૮.૩૦થી સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં વડોદરામાં ૨ મીમી, ભાવનગરમાં ૩૫.૮ મીમી, વેરાવળ ૧.૬ મીમી વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૩૪.૩, સુરતમાં ૩૩.૫, રાજકોટ ૩૫.૨, ભાવનગર ૩૫.૫, ડીસમાં ૩૬.૯, કંડલામાં બંદર ૩૭.૨, અને સુરેન્દ્રનગરમાં ૩૭.૩ ડિગ્રી નોંધાયું હતું.

## કંપની સમાચાર

### એલિકોન એન્જિનિયરિંગને બે પ્રતિષ્ઠિત ઓર્ડર મળ્યા

ભારતની સૌથી વિશાળ મટીરિયલ હેન્ડલિંગ ઈક્વિપમેન્ટસ્ અને ટ્રાન્સમિશન પ્રોડક્ટસ ઉત્પાદકમાંની એક એલિકોન એન્જિનિયરિંગ કંપની લિમિટેડે તેના એમએચઈ વિભાગ દ્વારા બે પ્રતિષ્ઠિત ઓર્ડર પ્રાપ્ત કરવામાં આવ્યા હોવાની જાહેરાત કરવામાં આવી છે. આમાં ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કોઓપરેટિવ લિમિટેડ (ઈફકો) પાસેથી બેગિંગ પ્લાન્ટ પ્રોડક્ટ સિલો (મેકેનિકલનો પુરવઠો, ઈલેકટ્રિકલ અને ઈન્સ્ટ્રુમેન્ટેશન આઈટમોનો પુરવઠો) માટે મેઈન અને ઓક્ઝિલરી બૂમ સાથે રેઈલ માઉન્ટેડ ફુલ પોર્ટલ ટાઈપ સ્ક્રેપર રિકલેઈમરનો પુરવઠો, બાંધકામ અને અમલ બજાવણીનો રૂ. ૧૬ કરોડનો ઓર્ડર અને મણીકગઢ સિમેન્ટ યુનિટ-૨ (સેન્ચુરી ટેક્સટાઈન્ડ એન્ડ ઈન્ડ. લિ.નો વિભાગ) પાસેથી વિવિધ પાઈપ કન્વેયર્સની ડિઝાઈન, એન્જિનિયરિંગ, ઉત્પાદન અને પુરવઠા માટે રૂ. ૭ કરોડનો ઓર્ડરનો સમાવેશ થાય છે.

## નામાંકનમાં નિષ્ફળતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુણોત્સવમાં જિલ્લાની પીછેહઠ પછી સતત ત્રીજા વર્ષે પણ જિલ્લામાં ૧૦૦ ટકા નામાંકનના તંત્રના પ્રયાસો સફળ થયા નથી. જો કે આ માટે ખાનગી શાળાઓમાં અપાતા શિક્ષણની ગુણવત્તા અને સરકારી શાળાના શિક્ષણની ગુણવત્તા સ્પર્ધામાં વધુ કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે.

તંત્ર દ્વારા જિલ્લામાં હવે શિક્ષણ સુધારણા અભિયાન હાથ ધરવા માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું હોવાનું તંત્રના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.